સત્યમેવ જયતે

આંક–૧૨

**:: નમુના – અ ::**

## વંથલીના એડી. ચીફ જયુડીશ્યલ મેજી. જજ સાહેબની કોર્ટમા, મુ. વંથલી.

## રજુ :– શ્રી એલ. આઇ. ઇંગલે

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૧૫/૦૪/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૬૯૦/૨૦૨૫** |

## :: ગુનાની વિગત ::

| | |
|---|---|
| ગુનાની કલમ | બી. એન. એસ. ની કલમ–૩૫૧(૩), ૨૯૬(ખ), ૫૪ મુજબ. |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ૧૧૨૦૩૦૬૮૨૫૦૫૬૩/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | વંથલી. |
| ફરીયાદ પક્ષ | સરકારી શ્રી /મુળ ફરીયાદી –<br>તૃપ્તિ બેન વા/ઓ. રાજભાઇ ધીરજલાલ ટીલવા તે ડો./ઓ. સુરેશગીરી હરીગીરી મેઘનાથી |
| રજુઆત | વિ. એ. પી. પી. શ્રી કે. બી. ટાંક |
| બચાવ પક્ષ ૦૧ | ધનરાજગીરી સ/ઓ. સુરેશગીરી હરીગીરી મેઘનાથી<br>ઉ.વ.૨૪, ધંધો–ખેતી, |
| ૦૨ | ભાવેશગીરી વિનોદગીરી મેઘનાથી<br>ઉ.વ.૩૭, ધંધો–ખેતી,<br>રહે. બન્ને ઝાંપોદડ, તા.વંથલી. |
| રજુઆત | વિ. વ. શ્રી વી. યુ. વદર. |

**:: નમુના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૭/૦૯/૨૦૨૫ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૨૯/૦૯/૨૦૨૫ |

| | |
|---|---|
| આખરી અહેવાલની તારીખ | ૧૫/૧૦/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૧૧/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૫/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | -- |

**:: આરોપીની વિગત ::**

| આરોપી નો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારખી | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો. કા. સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધનરાજગીરી સ/ઓ. સુરેશગીરી હરીગીરી મેઘનાથી | ૦૬/૧૦/૨૦૨૫ | ૦૬/૧૦/૨૦૨૫ | ઉપર મુજબ | | -- | ૦૬/૧૦/૨૦૨૫ થી ૦૬/૧૦/૨૦૨૫ |
| ૨ | ભાવેશગીરી વિનોદગીરી મેઘનાથી | ૦૬/૧૦/૨૦૨૫ | ૦૬/૧૦/૨૦૨૫ | ઉપર મુજબ | | -- | ૦૬/૧૦/૨૦૨૫ થી ૦૬/૧૦/૨૦૨૫ |

:: નમુનો ક ::

ફરીયાદી / બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી
અ. ફરીયાદ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ. સા. ૧(આંક-૦૬) | તૃપ્તિબેન વા/ઓ. રાજુ ટીલવા ડો/ઓ. સુરેશ મેઘનાથી | ફરીયાદી |
| ફ. સા. ૨(આંક-૦૮) | રાજુભાઇ ધીરજલાલ ટીલવા | સાહેદ |

બ. બચાવ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|

ક. ન્યાયલયના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા. સા. ૧ | | |

ફરીયાદી / બચાવ /ન્યાયલયના આંકની યાદી
અ. ફરીયાદ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ (ફ.સા.૦૧) | ૦૭ | ફરીયાદ |

આરોપીના વિ. વ.શ્રી ની સંમતીથી નીચે મુજબના દ.પુ.ને આંક આપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૦૧ | ૦૯ | બનાવવાળી જગ્યાનું પંચનામું. |

બ. બચાવ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|

ક. ન્યાયલય આંક

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|

ડ. ભૌતીક પદાર્થ :–

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|

**–:: <u>ચુકાદો</u> ::–**

**(૦૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદીએ સાહેદ નં.–પ રાજભાઇ સાથે પ્રેમ લગ્ન કરેલ હોય તેનો ખાર રાખી તા.૨૭/૦૯/૨પ ના રોજ કલાક ૧૪–૩૦ ના અરસામાં વંથલી તાબેના ઝાંપોદડ ગામે રામજી મંદીર સામે ફરીયાદીના રહેણાંક મકાને ફરીયાદી અને સાહેદ નં.–પ

ને મનફાવે તેમ ભુંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરેલ.

**(૦૨)** વંથલી પોલીસ સ્ટેશન ગુ. રજી. નં.૧૧૨૦૩૦૬૮૨૫ ૦૫૬૩/૨૦૨૫ ગુન્હાની તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ બી. એન. એસ. ની કલમ-૩૫૧(૩), ૨૯૪(ખ) તથા ૫૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલું.

**(૦૩)** આ કામે આરોપીઓને ધોરણસર સમન્સની બજવણી થતાં તેમના વિ. વ. શ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતાં બી. એન. એસ. ની કલમ-૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ.

**(૦૪)** ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ આંક-૦૩ થી તહોમતનામું ફરમાવી આંક-૦૪ તથા આંક-૦૫ થી પ્લી નોંધતા, તેઓએ ફરીયાદ પક્ષનાં કેસનો ઈન્કાર કરી ગુન્હો કબુલ નથી તેમ જણાવતાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૦૫)** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફથી ઉપરોકત પુરાવો રજુ કર્યા બાદ વધુ કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી અને આંક-૧૦ ના કલોઝીંગ પુરસીસના આધારે ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓનું બી. એન. એસ. એસ. ની કલમ-૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા પાત્ર ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી અને બાદ દલીલો સાંભળી કામ આખર નિકાલ માટે મુલત્વી રાખવામાં આવેલ.

**(૦૬)** આ કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદીએ સાહેદ નં.–૫ રાજભાઇ સાથે પ્રેમ લગ્ન કરેલ હોય તેનો ખાર રાખી તા.૨૭/૦૯/૨૫ ના રોજ કલાક ૧૪–૩૦ ના અરસામાં વંથલી તાબેના ઝાંપોદડ ગામે રામજી મંદીર સામે ફરીયાદીના રહેણાંક મકાને ફરીયાદી અને સાહેદ નં.–૫ ને મનફાવે તેમ ભુંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી બી. એન. એસ. ની કલમ–૩૫૧(૩), ૨૯૪(ખ) તથા ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૦૭)** ઉપરોકત મુદદા પરત્વેના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**–:: <u>કારણો</u> ::–**

**<u>મુદા નંબર ૧ :–</u>**

**(૦૮)** ફરીયાદ પક્ષે આરોપીઓ સામે બી. એન. એસ. ની કલમ–૩૫૧(૩), ૨૯૪(ખ) તથા ૫૪ મુજબનું તહોમત મુકેલ છે. ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્ટના સિધ્ધાંત મુજબ ફરીયાદ પુરવાર કરવાનો સદંતર બોજો ફરીયાદ પક્ષનો હોય છે. ફરીયાદ પક્ષનાં કેસમાં પડેલ પુરાવાનું વિશ્લેષણ કરતા પહેલા ફરીયાદ જે આંક–૦૭ થી રજુ છે તે ધ્યાને લઇએ તો ફરીયાદી પોતે ભોગ પામનાર છે. આમ, તેમનો પુરાવો મહત્વનો બને છે. ફરીયાદ પક્ષે ફરીયાદીને આંક–૦૬ થી તપાસેલ છે તેમનો પુરાવો નીચે મુજબ છે.

બનાવ આશરે ૬ માસ પહેલા બનેલો. બનાવમાં મારે ઝાંપોદડ ગામમાં રાજ ધીરજલાલ ટીલવા સાથે પ્રેમસંબંધ હોય અમોએ તેમની સાથે મેરેજ કરેલ હોય જેથી મારા ભાઇ ધનરાજભાઇ તથા કૌટુંબીકભાઇ ભાવેશભાઇએ મારી તથા મારા પતિ સાથે અમો થોડો સમય બાદ ઝાંપોદડ ગામે આવેલા ત્યારે અમારી ઘરે આવી સામાન્ય બોલાચાલી કરેલી. તે સીવાય બીજુ કશું બનેલ નહી. બનાવ બાબતે મે ફરીયાદ આપેલી ઘરે આવી સામાન્ય બોલાચાલી કરેલી. તે સીવાય બીજું કશું બનેલ નહી. બનાવ બાબતે મે ફરીયાદ આપેલી. આજરોજ મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવું છું જે અસલ ફરીયાદ રજુ આંક–૭.

આરોપીઓ સાથે અમારે સમાધાન થઇ ગયેલ છે. આરોપીને ઓળખું છું. કોર્ટમાં હાજર છે.

**(૮.૧)** બચાવ પક્ષ દવારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદી /ભોગ બનનાર એ વાત કબુલ રાખે છે કે, આરોપીઓએ ભુંડી ગાળો કાઢેલ હોય તેવું બનેલ નથી. વધુ એ વાત પણ કબુલ રાખેલ કે, અમારા ભાઇઓ મને કે રાજને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય એવું બનેલ નથી. વધુ એ વાત પણ કબુલ રાખેલ કે, ફરીયાદ અમને અમારા વકીલ સાહેબે લખાવી આપેલ હતી જેમાં મે માત્ર સહી કરેલ હતી.

**(૮.૨)** હવે ફરીયાદીના પુરાવાનું વિશ્લેષણ કર્યે તો આરોપીઓએ ફરીયાદી તથા સાહેદ નં.–પ ને મનફાવે તેમ ભુંડી ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. વધુ ફરીયાદીના પુરાવા મુજબ સામાન્ય બોલાચાલી કરેલી તે સીવાય બીજું કશું બનેલ નહી. આમ, ફરીયાદી / ભોગ બનનારના પુરાવાનું વિશ્લેષણ કર્યે તો સવ પ્રથમ ગાળોના અસલ શબ્દો રેકર્ડ પર આવતા નથી કે ફરીયાદીને ભયની ઘંટડી વાગેલ હોય તેવું તેમના આંક–૬ ના પુરાવામાં વિદીત થતું નથી. તેથી. બી. એન. એસ. ની કલમ–૨૯૪(ખ)

તથા ૩૫૧(૩) મુજબનો ગુન્હો નામદાર ગુજરાત હાઇકોર્ટના પ્રવિણભાઇ બેચરભાઇ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના પ્રસ્થાપિતા કરેલ સિ્ધધાંત મુજબ પુરવાર માની શકાય નહી.

**(૦૯)** બચાવ પક્ષે બનાવવાળી જગ્યાનું પંચનામું (આંક–૯) કબુલ મંજુર રાખેલ છે. આ સમર્થનકારક પુરાવો છે પણ હાલના કેસમાં જયારે ડાયરેકટ એવીડન્સનો જ પુરાવો આવતો ન હોય ત્યારે આરોપીઓ સામેનો ગુન્હો પુરવાર માની શકાય નહી.

**(૧૦)** ફરીયાદ પક્ષે આંક–૮ થી તપાસેલ સાહેદ રાજભાઇ ધીરજલાલ ટીલવા ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોય વિ. એ. પી. પી. શ્રી દવારા તેમને હોસ્ટાઇલ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા તેઓએ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી અને ત્યારબાદ, બીજા કોઇ સાહેદ તપાસેલ નથી અને આંક–૧૦ થી કલોઝીંગ પુરસીસ આપેલ છે.

**(૧૧)** હાલના કેસમાં સામાન્ય બોલાચાલી થયેલાનું અને તે સીવાય બીજું કશું બનેલ નહી હોવાનું રેકર્ડ પર આવતું હોય ત્યારે આરોપીઓએ ફરીયાદી અને સાહેદ નં.–૫ ને મનફાવે તેમ ભુંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરેલ હોય તેવું માની શકાય નહી તેથી આરોપીઓ સામે બી. એન. એસ. ની કલમ–૩૫૧(૩), ૨૯૪(ખ) તથા ૫૪ મુજબનો ગુન્હો પુરવાર માની શકાય નહી. તેથી મુદા નં.–૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**(૧)** હાલના આરોપી (૧) ધનરાજગીરી સ/ઓ. સુરેશગીરી હરીગીરી મેઘનાથી તથા (૨) ભાવેશગીરી વિનોદગીરી મેઘનાથી રહે. બન્ને ઝાંપોદડ,

તા.વંથલીવાળાને બી. એન. એસ. એસ. ની કલમ–૨૭૮ અન્વયે બી. એન. એસ. ની કલમ–૩૫૧(૩), ૨૯૪(ખ) તથા ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** હાલના આરોપીઓએ અપીલ સમય સુધીના રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દશ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૫ મી માહે એપ્રિલ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

વંથલી.
તા.૧૫/૦૪/૨૦૨૬.

**(એલ. આઈ. ઈંગલે)**
**એડી. ચીફ જ્યુડી. મેજી., વંથલી.**
**કોડ નં.જીજે૦૧૩૭૨.**